તાપમાન
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૯ | ૨૦ એપ્રિલ, ૨૦૧૬, બુધવાર ; ચૈત્ર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

**પીએફની પૂર્ણ રકમના ઉપાડ પર પ્રતિબંધનો નિર્ણય આખરે ટળ્યો**

**સાઇબર સુરક્ષામાં ૩૫ અબજ ડોલરના કારોબાર થઇ શકે છે**

**મુંબઇમાં મહિલા અપરાધીઓની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે**

**પાકિસ્તાનમાં ફરીથી સરકાર સામે બળવો થવાના એંધાણ**

**બે જ મહિનામાં ૧૭૦૦૦ ટન કઠોળની આયાત કરવા તૈયારી**

**હવે કંગનાનું ૩૦મીએ નિવેદન નોંધવા નિર્ણય**

**પ્રત્યુષા આપઘાત પૂર્વે સગર્ભા હતી : તપાસમાં ઘટસ્ફોટ**

**ઇક્વેડોર ભૂકંપ : મોતનો આંક વધીને ૪૨૦ થયો**

**કાનપુર મેદાનમાં માત્ર એક આઇપીએલ મેચ રમાડાશે**

# નિકાસમાં ૫.૫ ટકાનો ઘટાડો

**સતત ૧૬માં મહિનામાં નિકાસમાં ઉલ્લેખનીય ઘટાડો નોંધાયો : પેટ્રોલિયમ અને એન્જિનિયરિંગ ચીજવસ્તુઓની નિકાસમાં ઘટાડો નોંધાયો ટ્રેડ ડેફિસિટનો આંકડો ઘટીને ૫.૧ અબજ ડોલર : કારોબારીઓ ચિંતાતુર**

નવી દિલ્હી,તા. ૧૯

સતત ૧૬માં મહિનામાં નિકાસમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે. માર્ચ મહિનામાં નિકાસ ૫.૫ ટકા ઘટીને ૨૨.૭ અબજ ડોલર થઇ ગઇ છે. પેટ્રોલિયમ અને એન્જિનિયરિંગ નિકાસના ક્ષેત્રમાં ઘટાડો થઇ રહ્યો છે. વૈશ્વિક માંગ ઘટી જતાં નિકાસને પણ અસર થઇ છે. સાથે સાથે વૈશ્વિક મંદીની પણ અસર થઇ છે. વેપાર ખાધ અથવા તો ટ્રેડ ડેફિસિટનો આંકડો ઘટીને ગયા મહિને ૫.૧ અબજ ડોલર થઇ ગયો છે. આયાત પણ ઘટી છે. આયાત ૨૧.૬ ટકા ઘટીને ૨૭.૮ અબજ ડોલર થઇ ગઇ છે. આયાત અને નિકાસ વચ્ચે અંતર માર્ચ ૨૦૧૫માં ૧૧.૪ અબજ ડોલર રહ્યું છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, અન્ય મોટા વૈશ્વિક અર્થતંત્રમાં નિકાસમાં જે રીતે ઘટાડો થઇ રહ્યો છે તેવી જ રીતે ઘટાડો થવા જઇ રહ્યો છે. અમેરિકામાં પણ નિકાસમાં ઘટાડો થયો છે. અહીં ૧૦.૮ ટકા, યુરોપિયન યુનિયનમાં નિકાસમાં ૭.૪ ટકા, ચીનમાં ૧૧.૪ ટકા, જાપાનમાં ૧૨.૯ ટકા સુધીનો ઘટાડો થયો છે.

અગાઉના વર્ષની સરખામણીમાં જાન્યુઆરી ૨૦૧૬ માટેના આંકડા આ મુજબની વાત કરે છે. ડબલ્યુટીઓના આંકડા દર્શાવે છે કે, દેશમાં એકંદરે જીડીપી ગ્રોથ વધ્યો છે. એફડીઆઈ પ્રવાહ પણ સતત વધી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી નિકાસમાં ઘટાડો થઇ રહ્યો છે. આના માટે કેટલાક પરિબળો જવાબદાર રહ્યા છે. નાણામંત્રી અરુણ જેટલી હાલમાં જ અમેરિકાની યાત્રા દરમિયાન કહી ચુક્યા છે કે, આ પખવાડિયામાં સ્થિતિમાં સુધારો થશે. બીજી બાજુ નિકાસમાં મંદી માટે કેટલાક કારણો રહેલા છે તેના ઉપર ધ્યાન અપાઈ રહ્યું છે. પેટ્રોલિયમ પેદાશોની નિકાસ ૨૧.૪ ટકા ઘટીને ૨.૧ અબજ ડોલર માર્ચ મહિનામાં થઇ છે. જ્યારે એન્જિનિયરિંગ ચીજવસ્તુઓની નિકાસ ૧૧.૩ ટકા ઘટીને ૫.૩ અબજ ડોલર થઇ છે. એપ્રિલ-માર્ચ ૨૦૧૫-૧૬માં એકંદરે નિકાસમાં ૧૫.૯ ટકાનો ઘટાડો થયો છે જેથી નિકાસનો આંકડો ૨૬૧.૧ અબજ ડોલર થયો છે જે ૨૦૧૪-૧૫માં ૩૧૦ ડોલર હતો.

## ગુલામ અલીનો તલગાજરડા ખાતેનો કાર્યક્રમ આખરે રદ કરાયો

અમદાવાદ, તા. ૧૯

પ્રસિદ્ધ સંત મોરારીબાપુ દ્વારા દર વર્ષે ચૈત્રસુદ તેરસથી પુનમ સુધી તેમના વતન એવા તલગાજરડા ખાતે વિવિધ ક્ષેત્રના મહાનુભવોને સન્માનિત કરવામાં આવે છે તેમાં આજથી શરૂ થયેલા ત્રિદિવસીય કાર્યક્રમની શરૂઆતમાં જ પાકિસ્તાનના ગઝલ ગાયક ગુલામઅલી આ કાર્યક્રમમાં હાજર નહીં રહી શકે એવી જાહેરાત કરવામાં આવી હતી.



મોરારીબાપુ દ્વારા છેલ્લા બે દાયકા જેટલા સમયથી તલગાજરડા ખાતે ચૈત્રસુદ તેરસથી લઈને પુનમ સુધી અસ્મિતાપર્વની ઉજવણી કરવામાં આવતી હોય છે. આ અસ્મિતાપર્વમાં કલાથી લઈને સાહિત્યક્ષેત્ર સુધીમાં જે મહાનુભવોએ શ્રેષ્ઠ યોગદાન આપ્યું હોય તેમની કદરદાનીના ભાગરૂપે તેમનું સન્માન કરીને મોરારીબાપુ પોતે અને તલગાજરડામાં આ સમયે હાજર એવા સાહિત્યકારોથી લઈને સમાજના વિવિધક્ષેત્રોના મહાનુભવોથી લઈને સામાન્ય લોકોને પણ આ સન્માન કરવામાં આવનારાઓ પાસેથી તેમના જીવનના અનુભવોનો સાર વ્યકત કરાવતા હોય છે.જેથી તેમના જીવનમાંથી અન્યોને કોઈ પ્રેરણા મળી રહે.પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ તલગાજરડામાં આજથી અસ્મિતાપર્વનો આરંભાયું છે. આ કાર્યક્રમની શરૂઆતમાં જ હરિશચંદ્ર જોશી દ્વારા ગુલામીઅલીનો એક સંદેશ વાંચવામાં આવ્યો જેમાં તેમણે ગુલામઅલી અનિવાર્ય સંજોગોના કારણે કાર્યક્રમમાં હાજર નહી રહી શકે એવી જાહેરાત કરવામાં આવી હતી. આ સાથે જ તેમણે ગુલામઅલી તરફથી તેઓ એવોર્ડ વિતરણ કાર્યક્રમમાં ભાગ લઈ શકે તેવો આશાવાદ પણ વ્યકત કર્યો હતો.

## મરાઠવાડા ક્ષેત્રના બંધમાં માત્ર ત્રણ ટકા પાણી રહ્યું છે

મુંબઈ,તા. ૧૯

દુષ્કાળગ્રસ્ત મરાઠાવાડા ક્ષેત્રમાં રહેલા બંધમાં માત્ર ત્રણ ટકા પાણી જ હવે રહી ગયુ છે. પરંપરાગતરીતે પાણીની ઓછી ઉપલબ્ધતાવાળા આ ક્ષેત્રમાં પાણીનો જથ્થો હવે સૌથી નીચી સપાટી પર પહોંચી ગયો છે. પાણીની સપાટી સૌથી નીચી સપાટી પર પહોંચી જતા તંત્ર ચિંતાતુર છે. આનો મતલબ એ થયો કે હજુ સુધીની સૌથી નીચી સપાટી પર પાણી પહોંચી ગયુ છે. આવી સ્થિતીમાં જો જરૂર પડે તો પણ પાણીને હવે છોડી શકાય નહી. ગયા વર્ષે આ સમય સુધી મરાઠાવાડામાં રહેલા બંધમાં ૧૧ ટકા પાણી રહ્યુ હતુ. ઔરંગાબાદના ડિવીઝનલ કમીશ્નર ઉમાકાંત ડાંગતે કહ્યુ છે કે મરાઠાવાડાના હજુ સુધીના ઈતિહાસમાં પાણીનુ પ્રમાણ સૌથી ઓછુ રહ્યુ છે. જો કે મોનસુન સુધી જરૂરીયાતને પૂર્ણ કરી શકાય છે. બંધમાં હાલમાં જે પાણી છે તેનો ઉપયોગ કરી શકાય છે પરંતુ તેને ખેંચીને કાઢવાની જરૂર છે. તેમણે કહ્યુ છે કે અમારી પાસે ભૂગર્ભ જળ પણ છે. છેલ્લા પાંચ વર્ષના ગાળા દરમિયાન મરાઠવાડામાં સતત ચોથા વર્ષે દુષ્કાળની સ્થિતી

## અમિતાભને અતુલ્ય ભારતના એમ્બેસેડર અંગે નિર્ણય ટળ્યો

**પનામા પેપર્સ લીક બાદ કેન્દ્ર સરકારનો નિર્ણય : વિશ્વમાં ખળભળાટ મચાવી દેનાર પેપર લીકની સદીના મહાનાયક અમિતાભ પર પ્રતિકુળ અસર**



નવી દિલ્હી,તા. ૧૯

દુનિયાભરમાં તહેલકા મચાવ્યા બાદ પનામા પેપર્સ લીકના કારણે હવે ભારતમાં પણ હલચલ વધી ગઈ છે. આ ખુલાસાની સીધી અને માઠી અસર સદીના મહાનાયક અમિતાભ બચ્ચન પર પણ થઈ છે. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે કેન્દ્રિય પ્રવાસ અને

● અનુસંધાન પાન-૭ પર



માર્ગો સુમસામ - રાજ્યમાં છેલ્લા ઘણા દિવસોથી ગરમીનો પારો ચડઉતર થઈ રહ્યો છે... ઉનાળાની કાળઝાળ ગરમીમાં નાગરિકો બપોરના સમયે બહાર નિકળવાનું ટાળે છે... ટ્રાફીક ધમધમતા શહેરમાં ગરમીના પ્રકોપને કારણે શહેરના માર્ગો સુમસામ દેખાઈ રહ્યા છે....

## દુષ્કાળ મામલે પુરતી માહિતી નહીં આપવા બદલ ગુજરાતની સુપ્રીમ દ્વારા ઝાટકણી

**દેશના ૩૩ કરોડ લોકો દુષ્કાળના સકંજામાં : કેન્દ્રની આખરે કબૂલાત : વરસાદ, મનરેગા અને ફુડ સિક્યુરિટી અંગે પુરતી માહિતી ન આપતા સુપ્રીમ લાલઘૂમ : હળવાશથી બધી બાબતોને ન લેવા સલાહ**

નવીદિલ્હી, તા. ૧૯

સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની લાપરવાહીના મુદ્દે આજે કઠોર વલણ અપનાવ્યું હતું અને એફિડેવિટમાં સાચા આંકડા નહીં આપવા બદલ લાલઆંખ કરી હતી. સાથે સાથે કેટલીક માહિતીઓને લઈને તીવ્ર નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, રાજ્યમાં વરસાદના આંકડા અંગે માહિતી આપવામાં આવી હતી. મામલાને હળવાશથી લેવામાં આવે તે યોગ્ય નથી. ગુજરાત સરકારે બે દિવસમાં તમામ વિગતો સાથે માહિતી આપવા માટે કહ્યું છે. માત્ર ગુજરાતને જ નહીં બલ્કે હરિયાણા અને અન્ય રાજ્યોને પણ કેટલીક સૂચનાઓ આપી હતી. દેશમાં એક ચતુર્થાંસ વસ્તી એટલે કે ૩૩ કરોડ લોકો હાલ દુષ્કાળનો સામનો કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટમાં આજે સ્વરાજ અભિયાનની અરજી ઉપર સુનાવણી ચલાવતી વેળા કેન્દ્ર સરકારે કેટલીક વાસ્તવિકતા રજૂ કરી હતી. સરકારે કહ્યું હતું કે, દેશના કુલ ૨૫૬ જિલ્લાઓ દુષ્કાળગ્રસ્ત છે. આ મામલામાં ૨૬મી એપ્રિલે સુનાવણી થશે. આ અગાઉ કોર્ટમાં કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, મનરેગા માટે આ વર્ષનું બજેટ આશરે ૩૮૦૦૦ કરોડ છે જેમાં ૧૯૫૦૦ જારી કરી દેવામાં આવ્યા છે. હજુ સુધી ૧૨૦૦૦ કરોડ જારી કરી દેવામાં આવ્યા છે. બીજા સાત હજાર કરોડ જારી કરવામાં આવી રહ્યા છે. અભિયાન તરફથી કોર્ટને કહેવામાં આવ્યું હતું કે, સરકારને પોતાના નિયમ મુજબ મનરેગા માટે વર્ષભરમાં ૭૮૬૩૩ કરોડ આપવા જોઈએ. આ હેઠળ ૪૫૦૦૦ કરોડ

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યના વધુ ૪૬૮ ગામ અર્ધઅછત ગ્રસ્ત જાહેર

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતમાં પણ પાણીની કટોકટી પ્રવર્તી રહી છે ત્યારે વધુ ૪૬૮ ગામો અર્ધઅછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. જામનગર, કચ્છ, પોરબંદર, દેવભૂમિના ગામોને અર્ધઅસરગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. જામનગરના છ તાલુકાના ૫૬ ગામો, કચ્છના પાંચ તાલુકામાં ૩૦૧ ગામો, પોરબંદરના ૩ તાલુકાના ૬૪ ગામો, દેવભૂમિના ત્રણ તાલુકના ૬૭ ગામોને અર્ધઅછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. કુલ ૪૬૮ ગામોનો આમા સમાવેશ થાય છે.


